# મીસ્ડ કૉલ

–આશા વીરેન્દ્ર

પ્રીયાને આ કૉર્પોરેટ કૉલેજમાં રીસેપ્શનીસ્ટ તરીકે રહ્યાને ચાર દીવસ જ થયા છે. હજી શરુઆત છે એટલે વાતાવરણ સાથે બરાબર ગોઠવાઈ નથી શકી. પણ ખાસ વાંધો નહીં આવે કેમ કે, એની સાથે કામ કરતી વીશાખા ભારે બોલકણી છે.

‘ઓ મૅડમ ! લંચ ટાઈમ થયો. ભુખ લાગી છે કે નહીં ?’ એમ કહેતાં એ પોતાનો પરાઠાં–શાકનો ડબ્બો પ્રીયા સામે ધરતી.

‘વીશાખા, મને અહીંની દુનીયા સાવ જુદી જ લાગે છે. બારમું ધોરણ પાસ કરીને આવેલા કીશોરોએ એક વર્ષ માટે અહીં જ કૉલેજ, અહીં જ ઘર અને અહીં જ સગાં–સમ્બન્ધી માનીને રહેવું, કેવું લાગતું હશે એમને ?’

‘આવા બધા વીચારો કરીને બહુ ઈમોશનલ નહીં બનવાનું. આ વીદ્યાર્થીઓ એક વર્ષ માટે જ અહીં કેમ્પસમાં છે. આવતે વર્ષે આ લોકો બીજા કેમ્પસમાં જશે અને એમની જગ્યાએ બીજા નવા છોકરાઓ આવશે. અહીં તો આવન–જાવન ચાલ્યા જ કરે. એટલે કોઈની સાથે બહુ લગાવ નહીં રાખવાનો.’ વીશાખાએ મને સલાહ આપી.

‘તારી વાત તો બરાબર છે વીશાખા; પણ મને રહી રહીને વીચાર આવે છે કે, મા–બાપથી, ઘરથી દુર રહેતા આ કીશોરોને ઘર કેટલું યાદ આવતું હશે ?’

‘એમનાથી ભલે ઘરે ન જઈ શકાય; પણ એમનાં માતા–પીતા, ભાઈ–બહેન, – કોઈ પણ – દર બીજા અને ચોથા રવીવારે બપોરે ત્રણથી પાંચમાં અહીં આવીને એમને મળી શકે છે.’

વીશાખાએ ભલે કહ્યું; પણ પ્રીયાના મનમાં કેટલાય સવાલ ઉઠતા હતા. કૉલેજ શહેરથી પંદરેક કી.મી. દુર છે. દર પંદર દીવસે કોના સમ્બન્ધી આવી શકે ? ને જેનું કોઈ ન આવતું હોય એ વીદ્યાર્થી કેટલો ઉદાસ થઈ જતો હશે ?

એમ કરતાં રવીવાર આવી પહોંચ્યો. મોટા રીસેપ્શન હૉલની એકેએક ખુરસી મુલાકાતીઓ અને વીદ્યાર્થીઓથી ભરાઈ ગઈ હતી. કોઈને માટે ડબ્બામાં નાસ્તો આવ્યો હતો, તો કોઈને માટે મીઠાઈ. કોઈ મા–બાપ પોતાના સંતાન માટે કેન્ટીનમાંથી આઈસક્રીમ પણ લાવ્યાં હતાં. બધાના ચહેરા પર આનન્દ છલકાતો હતો. વીશાખાએ ભલે લગાવ વધારવાની ના પાડી હોય; પણ પ્રીયા તો ઝીણી નજરે બધાના ચહેરાના હાવભાવનું નીરીક્ષણ કરતી હતી.

‘વીશાખા મને લાગે છે કે કંઈ બધા જ વીદ્યાર્થીઓના મુલાકાતી નથી આવ્યા. તોયે બધા જ કેમ હૉલમાં આવી ગયા છે ?’

'એ તો એવું છે કે જેના મુલાકાતી આવ્યા હોય એ પોતાના દોસ્તને પણ ખેંચી લાવે અને માબાપ પણ એ પોતાનો દીકરો છે કે બીજાનો, એ ભુલીને એને પ્રેમથી ખવડાવે. અહીંની આ જ તો મઝા છે. આને કહેવાય 'વસુધૈવ કટુમ્બકમ્.' વીશાખાએ તો નાનકડું લેક્ચર જ આપી દીધું.

'હા, એટલું તો મને સમજાયું; પણ દુરથી મને સંભળાતું નથી કે જેનું કોઈ નથી આવ્યું, એ છોકરાઓ મુલાકાતીઓ પાસે જઈ કશીક માગણી કરતા હોય એવું લાગે છે. એ લોકો શું માંગે છે ?'

હમ્મેશાં મજાક કર્યા કરતી વીશાખા થોડી ગમ્ભીર થઈ ગઈ. 'જેને મળવા કોઈ ન આવ્યું હોય તેવા વીદ્યાર્થીઓ આ સમયમાં પોતાના ઘરે ફોન કરી સ્વજનોનો અવાજ સાંભળીને સંતોષ માનતા હોય છે.'

'બીચ્ચારા છોકરાઓ!' નીસાસો નાખતાં પ્રીયાથી બોલાઈ જવાયું.

'હા, સાચે જ બીચારા કહેવાય. કેમ કે સીક્કા નાખીને વાત કરી શકાય એવાં ફોન–બૉક્સ અહીં માત્ર ચાર જ છે. પંદરસો છોકરાઓ ને ચાર ફોન ! લાંબી લાંબી લાઈનોમાં વારો આવતાં જ કલાકો નીકળી જાય. પછી પણ પાછળ ઉભેલો છોકરો 'જલદી કર,' 'જલદી કર,' કર્યા જ કરતો હોય. એટલે આ લોકો મુલાકાતીઓ પાસે સેલફોન માંગી પોતાના ઘરે 'મિસ્ડ કૉલ' આપે. એટલે પછીથી એમના ઘરેથી જવાબમાં ફોન આવે ને એ લોકો વાત કરી શકે.'

'હા, બરાબર. સામેથી જ ફોન આવે એટલે જેનો ફોન હોય એને ચાર્જ પણ નહીં લાગે,' પ્રીયાએ કહ્યું.

આ પછી દરેક વીઝીટીંગ સન્ડેએ પ્રીયા પોતાની કાચની કેબીનમાંથી રીસેપ્શન હૉલ તરફ જોઈ રહેતી. 'એક્સક્યુઝ મી અંકલ, એક મીસ્ડ કૉલ ?', 'એક્સક્યુઝ મી આન્ટી, વન મીસ્ડ કૉલ ?' કહેતાં કહેતાં, ફોનની માગણી કરતાં છોકરાઓ, જાણે બટકું રોટલા માટે ટળવળતા ભીખારી જેવા લાગતા. અનુકમ્પાથી એનું હૈયું ભરાઈ જતું.

એ જોતી કે કોઈ તરત એમને પોતાનો ફોન આપી દેતું, તો કોઈ લાંબો વીચાર કર્યા પછી; તો વળી કોઈ મોઢા પર અણગમાનો ભાવ લાવીને, જાણે મોટી મહેરબાની કરતા હોય એમ, 'જલદી ફોન પતાવવાની તાકીદ' કરીને ફોન આપતા. તો કોઈ વળી સાફ ના પણ પાડી દેતા !

એક રવીવારે એને સાવ જુદું જ દૃશ્ય જોવા મળ્યું. એક દુબળો–પાતળો વીદ્યાર્થી કોની પાસે ફોન માગવો એની મુંઝવણ અનુભવતો ઉભો હતો. ત્યાં એક સ્ત્રીએ એને પોતાની પાસે બોલાવ્યો ને પછી ફોન આપ્યો. આ સ્ત્રી એકલી જ બેઠી હતી. એને કોઈ વીદ્યાર્થી મળવા નહોતો આવ્યો. પ્રીયાએ કેબીનમાંથી નીકળી એની પાસે જઈને પુછ્યું, 'આપ કોને મળવા આવ્યા છો ?'

'ગયે વર્ષે મારો દીકરો આ જ કેમ્પસમાં હતો,' એણે કહ્યું.

'ઓહ, તો તો આ વર્ષે એ બાજુના કેમ્પસમાં હશે. અહીં નહીં.'

'મને ખબર છે કે મારો દીકરો મને આ કેમ્પસમાં નહીં મળે. કેમ્પસમાં તો શું; પણ હવે મને આ દુનીયામાં પણ નહીં મળે.'

પ્રીયાને જોરદાર આંચકો લાગ્યો. 'તો શું ? તમે આટલે દુરથી છોકરાઓને ફક્ત તમારો ફોન વાપરવા આપવા માટે જ આવો છો ?

'હા, એના ગયા પછી મને ક્યાંય ચેન પડતું નહોતું. પછી મને વીચાર આવ્યો કે લોકો પોતાના દીવંગત 'સ્વજનોની સ્મૃતી જીવંત રાખવા' કેવાં જાતજાતનાં કામો કરે છે ! મારે પણ કંઈક કરવું જોઈએ. મને યાદ આવ્યું કે રવીવારે મારો દીકરો અમને 'મીસ્ડ કૉલ' આપવા માટે કેટલાં ફાંફાં મારતો, કેટલાના કાલાવાલા કરતો ! બીજા દીકરાઓને એવા ફાંફાં ન મારવાં પડે એટલે....'

બોલતાં બોલતાં એણે મોઢું ફેરવી લીધું.

(પાલપર્તી જ્યોતીષ્મતીની તેલુગુ વાર્તા પર આધારીત)

–આશા વીરેન્દ્ર

'હરીશ્ચન્દ્ર' બહેનોના નીધન બાદ, વડોદરાથી પ્રકાશીત થતા પાક્ષીક 'ભુમીપુત્ર'ના છેલ્લા પાન પર આવતી વાર્તાઓ, હવેથી બહેન આશા વીરેન્દ્ર લખે છે. તે અંતર્ગત પ્રકાશીત થઈ ચુકેલી વાર્તાઓમાંથી પસંદ કરેલી ચાળીસ વાર્તાઓનો બીજો વાર્તાસંગ્રહ 'તર્પણ' : (પ્રકાશક : પારુલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન, હીંગળાજ માતાની વાડીમાં, હુઝરાતપાગા, વડોદરા–390 001 ફોન : 0265-243 7957 પાનાં : 128, મુલ્ય રુપીયા–60), ઑક્ટોબર 2014માં પ્રકાશીત થયો. તેમાંથી 37મી આ વાર્તા, પાન 115થી 117 ઉપરથી લેખીકાબહેનની પરવાનગીથી સાભાર..

સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર

બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦



@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,23,92,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 60,52,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,52,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 3,23,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@

વહાલા વાચકો,

'સ.મ.' રજુ થઈ ચુકેલી આવી રુપકડી, નાનકડી, જીવન પોષક–પ્રેરક, પચીસ વાર્તાઓની

એક ઈ.બુક તૈયાર થઈ રહી છે..

તે તૈયાર થયે જ આપ સૌને, અમારી અગાઉની પંદરેક જેટલી ઈ.બુક્સની જેમ,

ની:શુલ્ક વહેંચીશું.

–મૈત્રી શાહ – maitri@arniontechnologies.com